હથિયાર પરવાનાનો હદ વિસ્તાર ગુજરાત ઉપરાંત સમગ્ર ભારતનો વધારવા તેમજ પરવાના રીન્યુઅલ કરવાની નવી ગાઇડ લાઇન બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:હદપ/1010/1123/મ
2, સરદાર ભવન,સચિવાલય,ગાંધીનગર.
તા 14 MAR 2013

**વંચાણે લીધા-**

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલય, નવી દિલ્હીનો તા.૩૧/૩/૨૦૧૦નો પત્રનં- V-11016/16/2009-Arms

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરેન્દ્રનગરનો તા.૮/૨/૨૦૧૧ના પત્રક્રમાંક-મજસ/૨/હથપ/રીન્યુ/વશી-૫૯૯/૨૦૧૧.

**પરિપત્ર-:**

ભારત સરકારનાં ગૃહ મંત્રાલયનાં સંદર્ભ-(૧) માં જણાવેલ પત્રથી આર્મ્સ લાયસન્સ મંજુર કરવા અંગે પ્રવર્તમાન સૂચનાઓને બદલે તેમાં જણાવેલ નિર્ણયો પ્રમાણે કાર્યવાહી કરવાની ગાઇડ-લાઇન પ્રસિધ્ધ થયેલ છે, જેમાં પ્રોહીબીટેડ બોર, નોન પ્રોહીબીટેડ બોર હથિયારો, કુટુંબના વારસદારોને હથિયાર લાયસંસ મંજુર કરવા, એમ્યુનીશનનો જથ્થો, એમ્યુનીશનાના વપરાશની જાણ, ઓવરસીસ સીટીજન્સ ઓફ ઇન્ડીયાના આર્મ્સ લાયસંસ, લાયસંસમાં **હદ વિસ્તાર રાજ્ય ઉપરાંત વધારવો, આર્મ્સ લાયસંસ રીન્યુ કરવા**, ખામીવાળા કે રીપેર ન થાય તેવા હથિયારોનો નિકાલ કઇ રીતે કરવો, જુના, જપ્ત કરેલા હથિયારોનો નિકાલ અને લાયસંસના ડેટા બેઝ બાબતે કરવાની થતી કાર્યવાહીની કાર્ય પધ્ધતિ નિયત કરવામાં આવેલ છે. આ પત્ર આ વિભાગનાં તા.28/4/2010ના પત્ર નં.એઆરએમ/1010/જીઓઆઇ/4/મથી તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી/પોલીસ કમિશ્નરશ્રીઓને જરૂરી કાર્યવાહી સારુ અલગથી મોકલી આપેલ છે.

**સંદર્ભ-(૨)** વાળા પત્રથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરેન્દ્રનગર દ્વારા કેટલીક બાબતો અંગે માર્ગદર્શન માગવામાં આવેલ છે. ઉકત બાબતો અંગે પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં તમામ લાયસન્સીંગ ઓથોરીટીને કાર્યવાહીમાં એકસૂત્રતા જળવાય અને વહીવટી અનુકૂળતા રહે તે હેતુથી નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવા આથી સૂચનાઓ બહાર પાડવામાં આવે છે.

| મુદા નં. | માંગેલ માર્ગદર્શન | આપવાનું થતું માર્ગદર્શન |
|---|---|---|
| ૧ | કેન્દ્ર સરકારનાં તા.૪/૭/૮૯નાં તથા તા.૧૧/૧૦/૯૫ના પત્રમાં જણાવ્યા અનુસાર જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી સમગ્ર ભારતના હદ વિસ્તારનો હથિયાર પરવાનો | પરવાના રીન્યુઅલ માટે રજુ થાય ત્યારે લાયસંસીંગ ઓથોરીટી તરીકે જિલ્લા મેજીસ્ટ્રેટ/પોલીસ કમિશ્નરશ્રીએ પુન: વિચારણા કરી ખરેખર કેટલા હદ વિસ્તાર માટે |

| | | |
|---|---|---|
| | આપવામાં આવેલ હોય અને પરવાના રીન્યુઅલ માટે રજુ થાય ત્યારે દરેક પરવાનેદારના પરવાનાના હદ વિસ્તાર બાબતે પુન:વિચારણા કરી સમગ્ર ભારતના હદ વિસ્તાર ધરાવતા પરવાનાનો હદ વિસ્તાર રાજય કે જિલ્લા પુરતો સીમીત કરવો કે સમગ્ર ભારત હદ વિસ્તાર ચાલુ રાખવો ? | પરવાનો ચાલુ રાખવાનો થાય છે તેના સ્પષ્ટ અભિપ્રાય સાથે રાજ્ય સરકારને દરખાસ્ત કરવાની રહેશે. |
| ૨ | જે હથિયાર પરવાનેદારના પરવાનામાં હદ વિસ્તાર "સમગ્ર ભારતનો" રાજય સરકારના ગૃહ વિભાગ તરફથી મંજુર કરવામાં આવેલ હોય તેવા પરવાના રીન્યુઅલ માટે રજુ થયે આવા પરવાનાધારકના હદ વિસ્તારની સમીક્ષા કરી હદ વિસ્તાર ઘટાડવો કે કેમ ? | ગૃહ વિભાગ તરફથી જે પરવાનાઓના હદ વિસ્તાર સમગ્ર ભારતનો (જ.કા.સિવાય) વધારી આપવામાં આવેલ હોય તેવા પરવાનાઓ સબંધમાં પણ સબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટ/પોલીસ કમિશ્નરશ્રીએ પુન: વિચારણા કરવી તથા ખરેખર જેટલા હદ વિસ્તાર માટે પરવાનો ચાલુ રાખવાપાત્ર થતો હોય તે અંગેનો સ્પષ્ટ અભિપ્રાય દર્શાવી સાથે રાજ્ય સરકારને દરખાસ્ત મોકલી આપવાની રહેશે. |
| 3 | માજી રાજવીઓ તથા તેમના કુટુંબના સભ્યોને હથિયાર આપવામાં આવેલ તે પરવાનામાં પ્રથમથી જ સમગ્ર ભારતના હદ વિસ્તારના પરવાના આપવામાં આવેલ છે તો આવા માજી રાજવી કે તેમના કુટુંબના સભ્યો તરફથી રીન્યુઅલ માટે રજુ થતાં પરવાનાના હદ વિસ્તાર બાબતે સમીક્ષા કરી હદ વિસ્તાર ઘટાડી શકાય કે કેમ? | માજી રાજવીઓ કે તેના કુટુંબના સભ્યોના કિસ્સામાં પણ ગૃહ વિભાગ તરફથી જે પરવાનાઓના હદ વિસ્તાર સમગ્ર ભારતનો (જ.કા.સિવાય) વધારી આપવામાં આવેલ હોય તેવા પરવાનાઓ સબંધમાં પણ સબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટ/પોલીસ કમિશ્નરશ્રીએ પુન: વિચારણા કરવી તથા ખરેખર જેટલા હદ વિસ્તાર માટે પરવાનો ચાલુ રાખવાપાત્ર થતો હોય તે અંગેનો સ્પષ્ટ અભિપ્રાય દર્શાવી રાજ્ય સરકારને દરખાસ્ત મોકલી આપવાની રહેશે. |
| ૪ | લશ્કરી/અર્ધ લશ્કરી દળના સભ્યો ફરજમાંથી નિવૃત્ત થયા બાદ તેમના પરવાનાનો હદ વિસ્તાર ગૃહ વિભાગ તરફથી સમગ્ર ભારતો મંજુર કરવામાં આવેલ હોય તેવા પરવાના રીન્યુઅલ માટે રજુ થાય ત્યારે આવા પરવાનેદારોના પરવાનાના હદ વિસ્તાર અંગે જરુરીયાત છે કે કેમ ? તેની સમીક્ષા કરી હદ વિસ્તાર સીમીત કરી રાજય કે જિલ્લા પુરતો કરી શકાય કે કેમ ? | પરવાનેદારનો પરવાનો રીન્યુ થવા આવે ત્યારે પરવાનેદારના રહેઠાણના પુરાવા મંગાવવા. પરવાનેદાર પોતાના Jurisdictionમાં રહેતા હોય તેની ખાતરી કરવી. આર્મ્સ રુલ્સ 1962ના નિયમ-૬૨ અને પરવાનાની શરતનં-૧૨ મુજબ જો તે પોતાના jurisdictionમાં રહેતા ન હોય તો અરજદાર રાજ્ય બહાર અથવા જ્યાં રહેતા હોય ત્યાંના લાયસન્સીંગ સત્તાધિકારીશ્રી પાસે પરવાનો ટેકન-ઓવર કરાવી લેવા જણાવવાનું રહેશે. વધુમાં આવા કિસ્સાઓમાં પ્રથમ જિ.મે.શ્રી/પો.ક.શ્રી તરફથી હદ-વિસ્તાર સીમીત ન કરતાં પુન: વિચારણા/સમીક્ષા કરી ખરેખર જે હદ વિસ્તાર માટે પરવાનો ચાલુ રાખવાપાત્ર થતો હોય તેની વિગતો તથા સ્પષ્ટ અભિપ્રાય સહિત રાજ્ય સરકારને દરખાસ્ત કરવાની રહેશે. |

ભારત સરકારના ગૃહ મંત્રાલયના સંદર્ભ-(૧)માં જણાવેલ પત્રથી સૂચનાઓ પ્રસિધ્ધ થતાં આવા પ્રશ્નો સમગ્ર રાજ્યમાં (જિલ્લા/શહેર) ઉદભવતા હશે આથી ઉપર મુજબની સર્વ સામાન્ય સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે. ઉકત સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે અને વિભાગ તરફથી અગાઉ આ જ બાબતોમાં અન્ય કોઇ સૂચનાઓ આપવામાં આવેલ હોય તો તે રદ ગણવાની રહેશે.

આપનો વિશ્વાસુ,

(એન.કે.મકવાણા)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,.

-પોલીસ મહાનિદેશ અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
-સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ, ગુજરાત રાજ્ય.
-સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.,ગુજરાત રાજ્ય.
-સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ. ગુજરાત રાજ્ય
-નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.
- સેક્શન અધિકારીશ્રી લાઈબ્રેરી સેલ ગૃહ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ "સંગ્રહ ફાઈલ" મુકવા સારૂ